## ખાડીના ધસમસતા વહેણમાં કાર પણ ખેંચાઇ ગઇ હતી



■ સુરતમાં ખાડીપૂરના પાણી એટલી હદે ધસમસતા જોવા મળ્યા હતા કે એક આખી કાર ખેંચાઇ ગઇ હતી. જેને ક્રેઇનની મદદથી ગુરુવારે બહાર કાઢવામાં આવી હતી. (તસવીર : સતીષ જાદવ)

# માતા-પિતાને ઘરની બહાર મોકલી યુવકે ફાંસો ખાધો

**ખાવાની** વાતમાં પરિવાર સાથે ઝઘડો થતાં પગલું ભરી લીધું

સુરતઃ પાંડેસરામાં ખાવાની બાબતે પરિવાર સાથે ઝઘડો થતાં યુવકે માતા-પિતાને ધક્કો મારીને ઘરની બહાર કાઢીને દરવાજો અંદરથી બંધ કરીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ નેપાળના વતની સંજય રાજેશભાઈ શર્મા (ઉં.વ.23) હાલમાં પાંડેસરા વિસ્તારમાં આવેલી કર્મયોગી સોસાયટીમાં પરિવાર સાથે રહેતો હતો અને પ્રિન્ટિંગ પ્રેસમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. કાલે રાત્રે સંજય નોકરી પરથી ઘરે આવ્યો હતો. ત્યારબાદ ખાવાની વાતમાં પરિવાર સાથે ઝઘડો થયો હતો. જેથી ગુસ્સામાં આવીને સંજયે માતા-પિતાને ધક્કો મારીને ઘરની બહાર કાઢી મૂક્યા હતા અને દરવાજો બંધ કરીને પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાવાનો પ્રયાસ કરી રહ્યો હતો. દરમિયાન તેની માતાએ બારીમાંથી જોઈ લેતાં બૂમાબૂમ કરીને પડોશીઓને ભેગા કરીને દરવાજો તોડવા લાગ્યા હતા. જ્યાં સુધીમા સંજયે ફાંસો ખાઈ લીધો હતો. દરવાજો તૂટતા જ 108 એમ્બ્યુલન્સમાં તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

# ભિક્ષુક પતિ ભરણપોષણની રકમ ચૂકવવા ચિલ્લર લઈને આવ્યો

**પતિ** બીજી વખત ચિલ્લર લઈને આવતાં પત્નીએ લેવાની ના પાડતાં કોર્ટે સ્વીકારી લેવાની તાકીદ કરવી પડી

**પતિ** એક રૂપિયાથી લઈ ૨૦ના સિક્કા લાવતાં કોર્ટમાં અચરજ વ્યાપી ગઈ હતી

સુરતઃ ઘરકંકાસ થયા બાદ પિયરમાં જતી રહેલી પત્નીના આઘાતમાં ઘર છોડીને ભિક્ષુકનું જીવન જીવતા પતિએ પત્નીને ૧૧,૫૦૦નું ભરણપોષણ આપવા માટે આઠેક હજારની ચલણી નોટ અને બીજા સાડા ત્રણ હજાર રૂપિયામાં ૧, ૨, ૫ અને ૧૦ના સિક્કા લઈને લઘરવઘર હાલતમાં કોર્ટમાં આવતા અચરજ ફેલાઈ ગઈ હતી. ચિલ્લર લેવાની ના પાડતી પત્નીને કોર્ટે દેશનું ચલણ છે અને તેને સ્વીકારવું જ પડશે તેવી ટકોર કરવી પડી હતી.

પતિ તરફેનાં વકીલ યોગેશ પટેલે આ કેસની વિગત આપતાં જણાવ્યું હતું કે ઉધના વિસ્તારમાં રહેતી યુવતીનાં લગ્ન ઉધનાનાં યુવક સાથે વર્ષ-૨૦૦૯માં થયા હતા. લગ્નબાદ તેઓને સંતાનમાં એક પુત્રનો જન્મ થયો હતો, બીજા સંતાનમાં દિકરો જ આવવો જોઈએ કહીને પત્ની પર ત્રાસ ગુજાર્યો હતો અને પ્રેગનેન્સી કઢાવી નાંખી હતી.

આખરે સાસરિયાના ત્રાસથી કંટાળીને પત્ની પોતાના પુત્રને લઈને પિયરમાં રહેવા જતી રહી હતી. પિયરમાં એક વર્ષ જીવન પસાર કર્યા બાદ પતિ અને સાસરિયા સામે કોર્ટમાં ઘરેલું હિંસાનો કેસ કર્યો હતો. ઘર ભાડું તથા ભરણપોષણની માંગણી કરતી અરજી કરી હતી. જે અરજી સંદર્ભે કોર્ટે અલગ અલગ અરજીમાં કુલ રૂા.૧૧,૫૦૦ના ભરણપોષણનો હુકમ કર્યો હતો. આ તરફ પત્ની છોડી ગયાં બાદ પતિ બાવો બની ભિક્ષુકનું જીવન ગુજારો હતો. કોર્ટનાં ભરણપોષણનાં હુકમ બાદ ગત્ મુદ્દતે પતિ એક રૂપિયાથી લઈ ૨૦ રૂપિયા સુધીનાં સિક્કા કોર્ટમાં લાવ્યો હતો. ત્યારે પત્નીએ આ સિકકા કમને લઈ લીધાં હતા. ત્યારબાદ આજે ફરી મુદતે ભિક્ષુક જીવન જીવતા પતિએ કોર્ટમાં કેસની ટ્રાયલ શરૂ થતાની સાથે જ પોતાના થેલામાંથી આઠેક હજારની ચલણી નોટ અને બીજા સાડા ત્રમ હજાર રૂપિયાના ૧, ૨, ૫ અને ૧૦ના સિક્કા સહિતની ચિલ્લર કોર્ટ સમક્ષ રજૂ કરી પત્નીને ભરણપોષણ તરીકે આપી હતી. બીજી વખત ચિલ્લર આપતાં પત્ની અકળાઈ જઈ લેવાની ના પાડી દીધી હતી. આ તબકકે પતિએ પોતે ભીખ માંગી સિકકા ભેગા કર્યા હોવાનું જણાવ્યું હતું. પત્નીએ ના પાડતાં કોર્ટે ટકોર કરવી પડી હતી અને અરજદાર પત્નીને આ ચલણ સ્વીકારી લેવા માટેની તાકીદ કરવી પડી હતી.

# ભારે વરસાદ વચ્ચે એરપોર્ટ પરથી માદા શિયાળનું રેસ્ક્યુ

**અગાઉ** બચાવાયેલા શિયાળના બચ્ચાની માતાને AAI-CISFની સંયુક્ત ટીમે સુરક્ષિત રીતે પકડી

**વન** વિભાગને સોંપવાની કાર્યવાહી શરૂ, એરપોર્ટની કામગીરી પર કોઈ અસર નહીં



સુરત : સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટના એપ્રન વિસ્તાર અને આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં 7 જુલાઈના રોજ એરપોર્ટ પર માદા શિયાળ જોવા મળી હતી. ભારતીય વિમાનમથક પ્રાધિકરણ (AAI) અને CISFની સંયુક્ત ટીમે માદા શિયાળને સુરક્ષિત રીતે પકડી પાંજરામાં રાખી છે. મળતી માહિતી મુજબ,આઠેક દિવસ અગાઉ એરપોર્ટ વિસ્તારમાંથી શિયાળના બચ્ચાનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેની માતા તરીકે ઓળખાતી આ વિસ્તારમાં બચેલી છેલ્લી માદા શિયાળ સતત એરપોર્ટ પરિસરમાં દેખાઈ રહી હતી. છેલ્લા કેટલાક દિવસોથી થઈ રહેલા ભારે વરસાદને કારણે તેના રહેઠાણમાં પાણી ભરાઈ જતાં તે ખુલ્લા વિસ્તારમાં આવી ગઈ હતી.

એરપોર્ટ પર નિયમિત પેટ્રોલિંગ દરમિયાન CISFના જવાનોએ માદા શિયાળને જોઈ તાત્કાલિક એરપોર્ટના અધિકારીઓને જાણ કરી હતી. ત્યારબાદ AAI અને CISFની ટીમે રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી અને કોઈપણ પ્રકારની ઈજા પહોંચાડ્યા વિના માદા શિયાળને સુરક્ષિત રીતે પકડી લેવામાં સફળતા મેળવી હતી.

હાલમાં માદા શિયાળને સુરક્ષિત રીતે પાંજરામાં રાખવામાં આવી છે. તેની તંદુરસ્તીની પ્રાથમિક ચકાસણી તથા અન્ય જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ થયા બાદ તેને વન વિભાગને સોંપવામાં આવશે.

# પોલીસ સાયબર ફ્રોડના ગુના છ મહિના સુધી નોંધતી નથી

**ભોગ** બનનારે 1930 હેલ્પલાઈન પર તાત્કાલિક ફરિયાદ કરી છતાં આરોપી ઝડપાયા બાદ FIR નોંધાઈ

**સરકારની** ઝીરો ટોલરન્સ નીતિ સામે અધિકારીઓની બેદરકારી ચર્ચામાં

સુરતઃ ક્રિપ્ટોકરન્સીમાં ટ્રેડિંગના નામે રૂ.72.73 લાખની ઓનલાઈન ઠગાઈના કેસમાં સુરત સાયબર ક્રાઈમ સેલે એક આરોપીની ધરપકડ કરી છે. જોકે, આ કેસમાં સૌથી મોટો સવાલ એ છે કે ભોગ બનનારે ઠગાઈ બાદ તરત જ 1930 હેલ્પલાઈન પર ફરિયાદ કરી હોવા છતાં લગભગ છ મહિના બાદ અને આરોપી ઝડપાયા પછી જ ગુનો નોંધાયો છે.

અમરોલીના કોસાડ ગામના રહેવાસી અને લેબર કોન્ટ્રાક્ટર વિષ્ણુકુમાર મનોજભાઈ પટેલ સાથે 13 સપ્ટેમ્બર, 2025થી 24 ડિસેમ્બર, 2025 દરમિયાન ટેલિગ્રામ મારફતે સંપર્ક કરી બનાવટી ટ્રેડિંગ વેબસાઈટમાં આઈડી બનાવી ક્રિપ્ટોકરન્સીમાં મોટા નફાની લાલચ આપી બેંક ખાતાઓમાં કુલ રૂ.72.73 લાખ ટ્રાન્સફર કરાવી ઓનલાઈન ઠગાઈ આચરવામાં આવી હતી. ભોગ બનનારે તાત્કાલિક 1930 સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે તપાસ શરૂ કરાઈ હોવાનું જણાવાયું હતું. સાયબર ક્રાઈમ સેલે ન્યૂ અલથાણ વિસ્તારમાં રહેતા અને સોફ્ટવેર કંપનીમાં નોકરી કરતા અને બી.ટેક.(ઈલેક્ટ્રીકલ)નો અભ્યાસ કરી ચૂકેલા દિવ્યેશ સુર્યકાંત પટેલ (મૂળ અકાળા, લાઠી, જિ. અમરેલી) ની ધરપકડ કરી છે. તપાસમાં સામે આવ્યું કે તેના IDBI બેંક ખાતામાં રૂ.17 લાખ ટ્રાન્સફર થયા હતા. આરોપીએ માત્ર બે ટકાના કમિશનના લોભે પોતાનું બેંક ખાતું અને બેંકિંગ કિટ મુખ્ય સાયબર ઠગોને ઉપયોગ માટે આપી હતી. તેના ખાતામાં કુલ રૂ.1.60 કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન થયા હોવાનું પણ બહાર આવ્યું છે. ઉપરાંત સમન્વય પોર્ટલની તપાસમાં દેશના વિવિધ રાજ્યોના આઠ સાયબર ફ્રોડ કેસ સાથે તેનો સંબંધ હોવાનું અને કુલ રૂ.24.72 કરોડની ઠગાઈ સાથે તેનું કનેક્શન હોવાનું સામે આવ્યું છે. પરંતુ સમગ્ર કેસમાં સૌથી ગંભીર મુદ્દો એ છે કે ભોગ બનનારની ફરિયાદ છતાં 8 જુલાઈ, 2026ના રોજ બપોરે 2:30થી 2:45 વાગ્યે, એટલે કે લગભગ છ મહિના બાદ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા સત્તાવાર ગુનો નોંધવામાં આવ્યો. એટલે કે આરોપીની ધરપકડ બાદ જ એફઆઈઆર દાખલ કરવામાં આવી. સુરત સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા આટલી ગંભીર ફરિયાદમાં મહિનાઓ સુધી ગુનો નોંધવામાં ન આવવો સરકારની નીતિ અને પોલીસની કાર્યશૈલી બંને સામે ગંભીર સવાલો ઊભા કરે છે. હવે જોવાનું એ રહેશે કે આ વિલંબ માટે જવાબદાર અધિકારીઓ સામે કોઈ જવાબદારી નક્કી કરવામાં આવશે કે પછી સમગ્ર મામલો માત્ર આરોપીની ધરપકડ પૂરતો જ સીમિત રહી જશે.

# રાંદેરની યુવતીનું અપહરણ કરી છ દિવસ સુધી બંધક બનાવી

**એકતરફી** પ્રેમમાં પાગલ યુવાન સામે ગુનો નોંધાયો

સુરત : સુરતના રામનગર વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષીય યુવતીને તેના જ મકાનમાં અગાઉ ભાડે રહેતા એક યુવક સાથે પ્રેમસંબંધ હતો. જે તૂટી ગયા બાદ આ યુવક તેની માતા સાથે બાઇક પર ત્યાં આવ્યો હતો અને જાહેરમાં જ યુવતીનું અપહરણ કરી ગયો હતો. તે યુવતીને તેના ઘરે લઇ ગયો હતો અને માર મારી ઓરડામાં પૂરી દીધી હતી. જો કે, છ દિવસ પછી આ નર્કાગાર સ્થિતિમાંથી છટકેલી યુવતી ભાગવમાં સફળ થઇ હતી અને તેના મામાને ત્યાં પહોંચી હતી.

રાંદેરના રામનગર વિસ્તારમાં રહેતી યુવતીએ ખાંડાકુવા વિસ્તારમાં રહેતા દિવ્યેશ હીરાભાઈ વાઢેર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. આજથી બે વર્ષ પહેલા દિવ્યેશની પત્ની ઘર છોડીને ચાલી ગઈ હતી, જેથી પિનલ અને દિવ્યેશ વચ્ચે મિત્રતા થઈ હતી જે બાદમાં પ્રેમસંબંધમાં પરિણમી હતી. જોકે, દિવ્યેશ અવારનવાર પિનલને તેની માતા સાથે સંબંધ તોડી નાખવા દબાણ કરતો હોવાથી પિનલે તેની સાથે વાતચીત બંધ કરી દીધી હતી. જેનું વેર રાખી દિવ્યેશ અવારનવાર તેને ઘરે આવીને ધમકીઓ આપતો હતો.

તા. ૨૭/૦૬/૨૦૨૬ ના રોજ સાંજે તે ઘરે એકલી હતી ત્યારે દિવ્યેશ તેની માતા મણીબેન સાથે બાઈક પર તેના ઘરે ધસી આવ્યો હતો. તેણે તેને તેની સાથે રહેવા આવવા દબાણ કર્યું હતું. જો કે તેણે ના પાડતા આરોપીએ તેના મામા અને નાની બહેનને ઉઠાવી જવાની ધમકી આપી હતી. જેથી તે ડરી ગઇ હતી ત્યાર બાદ આરોપીએ તેને માતાની વચ્ચે બાઇક પર બેસાડી દીધી હતી અને ખાંડાકૂવા લઇ ગયો હતો જ્યાં ઘરને તાળું મારી બંધક બનાવી હતી. જ્યારે જમવાનું આપવા આવે ત્યારે તે તેને સાથે રહેવા દબાઇ કરતો હતો. તે સાથે રહેવાની ના પાડે તો તેને મારવામાં આવતી હતી અને એક વખત તો લોખંડનું ટેબલ તેના માથા પર મારી લોહીલુહાણ કરી નાંખી હતી.

ગત તા. ૦૩/૦૭/૨૦૨૬ ની રાત્રે સાડા નવ વાગ્યે ઘરનો દરવાજો ખુલ્લો જોતાં પિનલ જીવ બચાવીને ત્યાંથી ભાગી નીકળી હતી. તે સીધી તેના મામાના ઘરે પહોંચી હતી અને આપવીતી જણાવી હતી. તેમણે નોંધાવેલી ફરિયાદના આધારે રાંદેર પોલીસે દિવ્યેશ વાઢેર વિરૂદ્ધ અપહરણ, ગેરકાયદેસર ગોંધી રાખવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## પરવટ ગામમાં હૃદયદ્રાવક ઘટના

# પૂરના પાણી વચ્ચે 108 ન પહોંચતા બીમાર યુવકનું મોત

**પરવટ** ગામમાં સતત વરસાદમાં, પાણીમાં ડૂબેલા અજાણ્યા યુવકને રહીશોએ આશરો આપ્યો હતો

**બીજા** દિવસે લાંબા સમય પાણીમાં રહેતા તબિયત લથડી હતી

સુરતઃ શહેરમાં સતત વરસી રહેલા ભારે વરસાદ અને ખાડીમાં આવેલા પૂર વચ્ચે પરવટગામ વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. આશરે 40થી 45 વર્ષના એક અજાણ્યા યુવકનું સમયસર સારવાર ન મળતા કરુણ મોત નીપજ્યું છે. ભારે પાણી ભરાવાના કારણે 108 એમ્બ્યુલન્સ ઘટનાસ્થળ સુધી પહોંચી શકી ન હોવાથી યુવકે હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ દમ તોડી દીધો હતો.

મળતી માહિતી મુજબ, પરવટગામમાં આવેલી ખાડીમાં પૂર આવતા સમગ્ર વિસ્તારમાં આશરે 8 ફૂટ જેટલા પાણી ભરાઈ ગયા હતા. મંગળવારે મોડી રાત્રે મુશળધાર વરસાદ દરમિયાન એક અજાણ્યો યુવક પરવટ પ્લાઝા એપાર્ટમેન્ટ પાસે ફસાઈ ગયો હતો. સતત વરસાદમાં તેમજ લાંબા સમયથી પાણીમાં ડૂબેલા યુવકને જોઈ એપાર્ટમેન્ટના રહીશોએ માનવતા દાખવી તેને અંદર આશરો આપ્યો હતો તેમજ ઓઢવા માટે ચાદર સહિતની જરૂરી વ્યવસ્થા કરી હતી. જોકે, બીજા દિવસે સવારે લાંબા સમય સુધી પાણીમાં ભીંજાયેલા રહેવાના કારણે યુવકની તબિયત અચાનક લથડી ગઈ હતી. ત્યારબાદ એપાર્ટમેન્ટના રહીશો સહિત સ્થાનિકોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. પરંતુ સમગ્ર વિસ્તાર પાણીમાં ગરકાવ હોવાથી એમ્બ્યુલન્સ ઘટનાસ્થળ સુધી પહોંચી શકી નહોતી. પરિણામે સમયસર તબીબી સારવાર ન મળતા બપોરના સમયે યુવકનું મોત થયું હતું.

ઘટનાની જાણ થતાં ગોડાદરા પોલીસ સ્થળ પર પહોંચી હતી અને શબવાહિની મારફતે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતકની ઓળખ મેળવવા માટે તપાસ શરૂ કરી છે. સ્થાનિક વ્યક્તિએ જણાવ્યું હતું કે, ગુરુવારે બપોર સુધી પણ વિસ્તારમાં પૂરના પાણી સંપૂર્ણપણે ઉતર્યા નહોતા અને વીજ પુરવઠો ખોરવાઈ જતાં લોકો હજુ પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

# પાણી ભરાતા મોડા આવેલા યુવકને પરિવારે ઠપકો આપતા આપઘાત

**વરસાદી** પાણી ભરાયેલા હોવાથી માતાએ ઘરે વહેલું આવવા કીધું હતું

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની મહેન્દ્રભાઈ શિંદે હાલમાં ડિંડોલી રોડ પર આવેલા કૈલાશ પેલેસમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે અને ટેમ્પો ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. સંતાન પૈકી એકનો એક પુત્ર 21 સૌરવ ખરવરનગર પાસે આવેલી એક મેડિકલ સ્ટોરમાં નોકરી કરતો હતો. કાલે રાત્રે સૌરવે ઘરમાં હુક સાથે દોરી બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. સૌરવના પરિવારે જણાવ્યું હતું કે, વિસ્તારમાં બુધવારે પણ ઊતર્યા નહીં હતા. જેથી તેની માતાએ તેને વહેલા ઘરે આવવા માટે કહ્યું હતું. પરંતુ તે રાત્રે 9 વાગ્યે ઘરે આવ્યો હતો. જેથી તેને ઠપકો આપ્યો હતો. આ વાતનું માઠું લગાવીને તેણે આપઘાત કર્યો હોવાની શક્યતા લાગે છે.

## લસકાણાના બળાત્કાર કેસના આરોપીને જામીન

સુરતઃ બળાત્કાળના કેસમાં આરોપી કાળુ વઘાસીયાના જામીન સેશન્સ કોર્ટે મંજૂર કર્યા હતા. લસકાણા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૩૫૧(૨), ૩૫૨ અને ૧૧૫(૨) હેઠળ નોંધાયેલા ગુનામાં આરોપી કાળુભાઈ ચતુરભાઈ વઘાસીયાની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીએ જામીન પર છૂટવા માટે સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. અરજદાર આરોપી તરફે વકીલ કલ્પેશ એસ. દેસાઈ તથા નિસર્ગ બી. દેસાઈ દ્વારા ભોગ બનનાર ઉપર કોઈ બળ પ્રયોગ કે દબાણ કરવામાં આવ્યું નથી. ફરીયાદી પુખ્ત વયના અને શિક્ષિત છે, ફરીયાદમાં આશરે બે વર્ષનો વિલંબ થયો હોવા છતાં તેનો સંતોષકારક ખુલાસો કરવામાં આવ્યો નથી, સહિતની દલીલ કરવામાં આવી હતી. બચાવપક્ષની રજૂઆત અને તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને કોર્ટે આરોપીને જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો હતો.

# સહેલીના પિતાનું પ્રેમજાળમાં ફસાવી 14 વર્ષની કિશોરી પર દુષ્કર્મ

**મિત્રના** રત્નકલાકાર પિતાની ધરપકડ

**છ** મહિના પહેલાં સમાધાન છતાં સુધર્યો નહીં

**મોબાઇલ** આપી સંપર્કમાં રહ્યો, પોક્સો અને BNS હેઠળ ગુનો નોંધાયો

સુરતઃ નાના વરાછા વિસ્તારમાં 14 વર્ષની કિશોરીને સહેલીના પિતાએ પ્રેમજાળમાં ફસાવી તેની સાથે વારંવાર દુષ્કર્મ આચર્યુ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. અગાઉ કિશોરી સાથે પ્રેમસંબંધ હોવાની પરિવારને જાણ થવા છતાં નરાધમ રત્નકલાકાર સુધર્યો ન હતો. ફરી કિશોરીને મોબાઈલ આપી સંપર્ક સાધી તેની સાથે શરીર સુખ માણતો રહ્યો હતો. પરિવારને કિશોરીનો મોબાઈલ હાથે આવતાં કાપોદ્રા પોલીસનો સંપર્ક સાધતાં પોલીસે કિશોરીનું કાઉન્સેલિંગ કરી મામલો બહાર પાડી નરાધમને પકડી પાડ્યો છે.

નાના વરાછા સ્થિત એક સોસાયટીમાં રહેતી 14 વર્ષીય કિશોરી ધોરણ-9માં અભ્યાસ કરે છે. આ જ સોસાયટીમાં રહેતા અને કિશોરીની 13 વર્ષીય સહેલીના પિતા રાહુલ પોપટભાઈ કુબેર (ઉં.વ.33) (મૂળ-દેવભૂમિ દ્વારકા) વ્યવસાયે રત્નકલાકાર છે. જેણે કિશોરી સાથે ઓળખાણનો ગેરલાભ લઈ તેને પ્રેમજાળમાં ફસાવી હતી. આશરે છ મહિના પહેલાં આ બાબત પરિવારના ધ્યાનમાં આવી હતી. જો કે, દીકરીના ભવિષ્ય અને સામાજિક પ્રતિષ્ઠાને ધ્યાનમાં રાખી પરિવારે તે સમયે મામલો સમાધાનથી થાળે પાડ્યો હતો. સમાધાન છતાં આરોપી સુધર્યો નહીં અને તેણે કિશોરીને ગુપ્ત રીતે સ્માર્ટફોન આપી વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ અને ફોન દ્વારા સતત સંપર્ક ચાલુ રાખ્યો હતો. લગ્નની લાલચ આપી આરોપીએ કિશોરીના ઘરમાં પરિવારના સભ્યો હાજર ન હોય તેવા સમયે જઈ છેલ્લા છ મહિનામાં બે વખત તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હોવાનું તપાસમાં સામે આવ્યું છે. તાજેતરમાં પરિવારના હાથમાં આરોપીએ આપેલો મોબાઇલ આવી જતાં સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. મોબાઈલમાં થયેલી ચેટ અને સંપર્કની વિગતો સામે આવતાં ભોગ બનનારના પિતાએ કાપોદ્રા પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે કિશોરીનું કાઉન્સેલિંગ કરાવતાં તેણે સમગ્ર ઘટના વર્ણવી હતી. બાદ પોલીસે તાત્કાલિક ગુનો નોંધી ગણતરીના કલાકોમાં આરોપી રાહુલ પોપટભાઈ કુબેરને ઝડપી પાડી જેલ હવાલે કર્યો હતો.

# પાલની ગોલ્ડન સિટી હોટલમાં વ્હોટ્સએપથી ગ્રાહકોનો સંપર્ક

**ગોલ્ડન** સિટી હોટલમાં પોલીસે ડમી ગ્રાહક મોકલી રેકેટનો પર્દાફાશ કર્યો, બે વોન્ટેડ દલાલ પૈકી એક પકડાયો

સુરતઃ પાલ પોલીસે વ્હોટ્સએપ નેટવર્ક દ્વારા ચાલતા દેહવ્યાપારનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ગત રાત્રે 'ગોલ્ડન સિટી' હોટેલમાં ડમી ગ્રાહક મોકલીને ચાલી રહેલા સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે વોન્ટેડ દલાલો પૈકી એકને પકડી પાડ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, પાલ પોલીસને બાતમી મળી હતી કે, મોબાઈલ નંબર ૭૬૦૦૫૨૯૧૪૩ ધારક ઈસમ વ્હોટ્સએપ પર યુવતીઓના ફોટા તેમજ લોકેશન મોકલી દેહવ્યાપારનો ધંધો ચલાવે છે. પોલીસે એક ડમી ગ્રાહક તૈયાર કરી દલાલ સાથે સંપર્ક કરાવ્યો હતો. દલાલે એક રાઉન્ડના રૂ.૭૦૦૦ ફિક્સ કરી બજાર કોમ્પ્લેક્સમાં આવેલી ગોલ્ડન સિટી હોટેલ ખાતે મોકલ્યો હતો. હોટેલ પર લલના આવી પહોંચતા પોલીસની ટીમ હોટેલમાં ત્રાટકી દરોડો પાડ્યો હતો.

પોલીસે રૂમ નંબર ૧૩માં તપાસ કરતા ત્યાંથી આસામના ડીમાસા જિલ્લાની મૂળ વતની અને હાલ ગૌરવપથ રોડ પર રહેતી ૨૦ વર્ષીય યુવતી મળી આવી હતી. મહિલા પોલીસે યુવતીની પૂછપરછ કરતાં બહાર આવ્યું હતું કે, મુખ્ય દલાલ રોહિત શર્મા ના કહેવાથી તેને મુકેશ પવાર નામનો ઈસમ આ હોટેલ પર મુકવા આવ્યો હતો. પાલ પોલીસે આ મામલે વોન્ટેડ આરોપી રોહિત શર્મા અને મુકેશ પવાર વિરુદ્ધ 'ધી ઈમોરલ ટ્રાફીક પ્રિવેન્શન એક્ટ મુજબ ગુનો નોંધ્યો છે. પોલીસે ગણતરીના કલાકોમાં દલાલ મુકેશ પવારને પકડી પાડ્યો હતો.

# મેડિકલ નેગ્લિજન્સનો દાવો ફગાવાયો ડૉક્ટર અને હોસ્પિટલને ક્લીનચીટ

**ડોક્ટરની** બેદરકારીના કારણે આંખની દૃષ્ટિ ઝાંખી થઇ હોવાનો આક્ષેપ કરી વળતર મંગાયું હતું

સુરતઃ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (એડિશનલ) એ મેડિકલ નેગ્લિજન્સના કેસમાં હોસ્પિટલ અને સર્જન ડૉક્ટરના પક્ષમાં ચુકાદો આપતાં ફરિયાદીની વળતરની માંગણી ફગાવી દીધી હતી. ગ્રાહક કમિશને નોંધ્યું કે માત્ર આક્ષેપોના આધારે ડૉક્ટરની બેદરકારી સાબિત થઈ શકતી નથી અને તેના માટે વિશ્વસનીય તબીબી પુરાવા રજૂ કરવાનું જરૂરી હોય છે.

સુથારી કામ કરતાં ભૈયાલાલ લાલજીભાઈ ગોહિલની આંખમાં લોખંડની કરચ વાગતા ગંભીર ઈજા થઈ હતી. તેઓ સારવાર માટે જીવન જ્યોત ડાયગ્નોસ્ટિક એન્ડ હેલ્થ સેન્ટર પહોંચ્યા હતા. તપાસ બાદ સર્જન ડૉ. પ્રથીક વેરાવલિયાએ બંને આંખોની દ્રષ્ટિ બચાવવા તાત્કાલિક સર્જરી જરૂરી હોવાનું જણાવ્યું હતું. દર્દીની સંમતિ બાદ આંખમાંથી લોખંડની કરચ સફળતાપૂર્વક દૂર કરવામાં આવી હતી અને જરૂરી વિશેષ ગેસ પણ ભરવામાં આવ્યો હતો. બાદમાં ફરિયાદીએ ગ્રાહક કમિશનમાં અરજી કરીને આરોપ મૂક્યો હતો કે સર્જરી બાદ હોસ્પિટલ અને ડૉક્ટરની બેદરકારીના કારણે તેમની આંખની દ્રષ્ટિ ઝાંખી થઈ ગઈ અને તેઓ અગાઉની જેમ સુથારી કામ કરી શકતા નથી. તેમણે સારવાર ખર્ચ, માનસિક પીડા અને રોજગારના નુકસાન બદલ વળતરની માંગણી કરી હતી.

હોસ્પિટલ અને ડૉક્ટર તરફથી એડવોકેટ શ્રેયસ એસ. દેસાઈ, એડવોકેટ પ્રાચી દેસાઈ અને એડવોકેટ ઈશાન દેસાઈએ દલીલ કરી હતી કે દર્દીને ગંભીર ઈજા થઈ હતી અને સમયસર સર્જરી ન કરવામાં આવી હોત તો બંને આંખોની દ્રષ્ટિ ગુમાવવાનો ભય હતો. સર્જરી સફળ રહી હતી અને બાદમાં પણ દર્દીને નિયમિત ફોલો-અપ, મોતિયાની સારવાર તથા લેસર ટ્રીટમેન્ટની સલાહ આપવામાં આવી હતી, પરંતુ દર્દીએ આગળની સારવાર ચાલુ રાખી નહોતી. અન્ય હોસ્પિટલોના કોઈપણ રિપોર્ટમાં પણ ડૉક્ટરની બેદરકારી દર્શાવવામાં આવી નહોતી.

આ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ ગ્રાહક કમિશને પોતાના ચુકાદામાં જણાવ્યું કે ફરિયાદી ડૉક્ટરની બેદરકારી સાબિત કરે તેવા કોઈ મજબૂત તબીબી પુરાવા કે નિષ્ણાતનો અભિપ્રાય રજૂ કરવામાં નિષ્ફળ રહ્યા છે. ઉપલબ્ધ પુરાવાના આધારે સારવારમાં કોઈ ક્ષતિ કે મેડિકલ નેગ્લિજન્સ સાબિત થતી નથી. આથી સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશને હોસ્પિટલ અને ડૉક્ટરની દલીલો સ્વીકારી ફરિયાદીની ફરિયાદ રદ કરવાનો આદેશ કર્યો હતો.

# પૂર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેતાં નાયબ મુખ્યમંત્રી

**અસરગ્રસ્તોને** વહેલી તકે કેશડોલ્સ સહાય આપવા અને પાણીના નિકાલ સાથે સફાઈ કામગીરી વેગવંતી કરવા અધિકારીઓને આદેશ

### 24 કલાકમાં કેશડોલ-ઘરવખરી સહાય પહોંચાડવાની સમયમર્યાદા

પૂરગ્રસ્તોને ઝડપથી રાહત મળે તે માટે મનપા, જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ અને અન્ય તમામ વિભાગોને એકસાથે કામગીરી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. સામાન્ય રીતે ચારથી પાંચ દિવસમાં પૂર્ણ થતી કેશડોલ અને ઘરવખરી સહાયની પ્રક્રિયા આ વખતે માત્ર 24 કલાકમાં પૂર્ણ કરવાની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે. આવતીકાલે સાંજ સુધીમાં તમામ અસરગ્રસ્ત પરિવારો સુધી સહાય પહોંચાડવા માટે અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે.

સુરતઃ સુરત શહેરમાં પડેલા ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. આ પરિસ્થિતિ વચ્ચે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ લિંબાયત, ડિંડોલી અને સારોલી જેવા ભારે અસરગ્રસ્ત વિસ્તારોની રૂબરૂ મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમણે પૂર પ્રભાવિત નાગરિકો વચ્ચે જઈ તેમની સાથે સીધો સંવાદ સાધ્યો હતો અને તેમની મુશ્કેલીઓ જાણી હતી.

મુલાકાત દરમિયાન નાયબ મુખ્યમંત્રીએ પાણી ભરાયેલા વિસ્તારોનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સ્થાનિક દુકાનદારો, સોસાયટીના રહીશો અને મુશ્કેલીમાં મુકાયેલા પરિવારો સાથે વાતચીત કરીને પૂરના કારણે થયેલા નુકસાન અને તેમની પ્રાથમિક જરૂરિયાતોની વિગતવાર જાણકારી મેળવી હતી. હર્ષ સંઘવીએ મુશ્કેલીના આ સમયમાં નાગરિકોને જરૂરી તમામ સહાય સમયસર અને કોઈપણ અવરોધ વગર પહોંચે તે માટે વહીવટી તંત્રના અધિકારીઓને સ્થળ પર જ કડક આદેશ આપ્યા હતા. તેમણે અધિકારીઓને વિસ્તારોમાંથી વરસાદી અને ખાડીના પાણીનો ઝડપથી નિકાલ કરવા, રોગચાળો ન ફેલાય તે માટે યુદ્ધના ધોરણે સફાઈ કામગીરી હાથ ધરવા, ખોરવાયેલા વીજ પુરવઠાને સુચારું રીતે પુનઃસ્થાપિત કરવા તેમજ આરોગ્ય અને સ્વચ્છતા અંગે વિશેષ તકેદારી રાખવા સૂચના આપી હતી.